મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૭૩ ટકા

ગાંધીનગર તાપમાન

પંચદેવ મંદિર દીવડાઓથી ઝગમગી ઉઠયું

દેવદિવાળીએ મંદિરની ચારે બાજુ કાચી માટીના પાંચ હજાર દીવડા કરાયા

ગાંધીનગર, તા.૧૨

હિંદુ પંચાગ અનુસાર કારતક માસની પૂનમ એટલે દેવદિવાળી. જેમ દિવાળી પાંચ દિવસ તેમજ દેવોની દિવાળી અગિયારસથી પૂનમ સુધી ઉજવાય છે. જે દરમિયાન તુલસી વિવાહ પણ યોજાય છે. દેવદિવાળી નિમિત્તે શહેરના મંદિરોમાં ઉત્સાહનો માહોલ જોવા મળે છે. દેવદિવાળી નિમિત્તે શહેરના સે-૨૨ સ્થિત પંચદેવ મંદિર ખાતે પાંચ હજાર દેશી માટીના કોડીયાથી રોશની કરવામાં આવી હતી.

દેવદિવાળીના દિવસે સતત ૧૪મા વર્ષે સે-૨૨ પંચદેવ મંદિર દીવડાઓથી ઝગમગી ઉઠયું હતું. દર વર્ષે લગભગ દસ થી અગિયાર હજાર પ્લાસ્ટિકના ગ્લાસના દીવડા કરવામાં આવ્યા હતા. પરંતુ સરકારના પ્લાસ્ટિકના પ્રતિબંધના નિયમને માન આપીને આ વર્ષે દેશી માટીના કોડીયા સાથે નાડાછડીની દીવેટના પાંચ હજાર દિવડા મંદિરના પંચદેવ યુવક મંડળ દ્વારા કરી મંદિરને સજાવવામાં આવ્યું હતું.

મંદિરમાં શિવ અને નારાયણની મૂર્તિ એક સાથે સ્થાપિત છે. કહેવાય છે કે, દેવપોઢી અગિયારસ સુધી સમગ્ર કાર્યભાર શિવજી પાસે હોય છે જેની સોંપણી શિવજી નારાયણજીને દેવદિવાળીના દિવસે સોંપે છે. જે યાદ કરી પ્રાર્થના સાથે મંદિર સ્થિત શિવ અને નારાયણની મૂર્તિની પૂજા કરવામાં આવે છે. આ વર્ષે પંચદેવ યુવક મંડળના ૩૫ યુવકો દ્વારા મંદિરના પ્રાંગણમાં જયશ્રી રામ, ઓમ નમઃ શિવાય તથા સૂર્યદેવની પ્રતિકૃતિ દીવડા ગોઠવી બનાવવામાં આવી હતી તથા મંદિરની ચારે તરફ દીવડાઓથી રોશની કરવામાં આવી હતી. સમગ્ર મંદિર દીવડાઓથી ઝગમગી ઉઠયું હતું. જેના દર્શનનો લાભ શહેરીજનોએ લીધો હતો.

રોટરી ક્લબ ઓફ ગાંધીનગરની મુલાકાત લેતા ડિસ્ટ્રીક્ટ ગવર્નર

ગાંધીનગર, તા. ૧૨

રોટલી ક્લબ ઓફ ગાંધીનગર ખાતે ગવર્નર ઓફિસિઅલ વિઝિટ યોજાઈ જેમાં રોટરી ઈન્ટરનેશનલ ડીસ્ટ્રીક્ટ ૩૦૫૪ના ફર્સ્ટ લેડી ડીસ્ટ્રીક્ટ ગવર્નર બીના દેસાઈ, આસિસ્ટંટ ગવર્નર ઉર્મિલ વેદ, પી.ડી.જી. આશિષ દેસાઈ, આઈ.એ.એસ. ડી.એન. પાંડે, બોર્ડ મેમ્બર્સ, રોટરી સભ્યો, રોટ્રેક્ટ્સના યુવાનો, મહેમાનો અને પરિવારજનો ખુબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય રોટરી ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા ૧લી જુલાઈથી કરવામાં આવેલ. કાર્યોની માહિતી મેળવી વિવિધ ડોક્યુમેન્ટ્સની ચકાસણી કરવાનો હતો, જેના ભાગરૂપે બોર્ડ મેમ્બર્સ દ્વારા તેમના કાર્યભાર પ્રમાણે પ્રોજેક્ટ્સની ચર્ચા કરી હતી. શરૂઆતમાં રોટરી ક્લબ ઓફ ગાંધીનગર વતી પ્રમુખ ધર્મેન્દ્ર પટેલ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું અને સેક્રેટરી ભારત જૈને સમગ્ર વર્ષ દરમિયાન કરેલ કાર્યોનો અહેવાલ રજુ કર્યો હતો. તમામ કામગીરી અને ફીઝીયોથેરાપી સેન્ટરની પણ મુલાકાત લઈ બીના દેસાઈએ રોટરી ક્લબ ઓફ ગાંધીનગરના કાર્યોની સરાહના કરવા સાથે લોકકલ્યાણના કાર્યો કરવા આહવાન કર્યુ હતુ. રોટરી દ્વારા ચાલતા ફીઝીયોથેરાપી સેન્ટરમાં સેવા આપતા તમામ કર્મચારીનું અને અન્ય લોકોનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. નીના ગણેશન દ્વારા કરવામાં આવ્યુ હતુ.

પેથાપુરમાંથી રીક્ષાની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેર નજીક આવેલ પેથાપુર ગામે દીપા માતાના મંદિર પાસે, બળીયાદેવના મંદિર નજીક રબારીવાસ ખાતે રહેતા દશરથ કાનાભાઈ રાવળ રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. ત્યારે ગત તા.૫ના રોજ દશરથભાઈ બપોરે જમીને સુઈ ગયા હતા ત્યારબાદ પેથાપુરથી ગાંધીનગરના બે શટલ મારી રીક્ષા નં. જીજે ૧૮ એ એકસ ૨૪૬૧ ઘર પાસે લોક કરી મુકી હતી. ત્યારબાદ રાત્રે પણ રીક્ષા પરિવારના સભ્યોએ જોઈ હતી. ત્યારબાદ તા. ૬ના રોજ સવારે વહેલા ઉઠીને જોયું તો પાર્ક કરેલી જગ્યાએ રીક્ષા ન હતી. આસપાસ તપાસ કરતા રીક્ષા મળી આવી નહતી. રીક્ષાની તપાસ કર્યા છતાં ન મળતા દશરથભાઈએ પેથાપુર પોલીસ મથકે રૂ. ૫૦,૦૦૦ની રીક્ષા ચોરી અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઘ-૨ મહેન્દ્રકાકા સોડાવાળા તરફથી નગરજનો માટે ૫ હજાર સોડા ફ્રી

દેવ દિવાળી નિમિત્તે ગાંધીનગરાઓને મહેન્દ્રકાકાએ સવારે ૮ થી ૫ સોડા ફ્રી પીવડાવી, જ્યારે ૫ વાગ્યા પછીની કમાણી ઈટવા ગોગા મહારાજના મંદિરને દાન કરાશે

શહેરના ઘ-૨ ભરચક વિસ્તારમાં સોડાની રેકડી ચલાવતા વિરમગામવાળા મહેન્દ્રકાકા સોડાવાળાએ આજે દેવ-દિવાળી નિમિત્તે નગરજનોને સવારથી સાંજ સુધી વિવિધ ફ્લેવરની ૫ હજાર સોડા વિના મૂલ્યે પીવડાવી હતી. ત્યારે મહેન્દ્રકાકાની સોડા પીવા માટે સવારથી જ ઘ-૨ વિસ્તારમાં નાગરીકોનો ભારે ઘસારો જોવા મળ્યો હતો. જ્યારે મહેન્દ્રકાકા સોડાવાળા વર્ષમાં બે વાર (મહાશિવરાત્રી-દેવ દિવાળી) નાગરીકોને સોડા ફ્રી પીવડાવે છે. જ્યારે સાંજે થયેલ વેપાર-ધંધાની કમાણી માણસાના ઈટવા ગામે આવેલ ગોગા મહારાજના મંદિરે દાન તરીકે આપવામાં આવે છે. ત્યારે મહેન્દ્રકાકાની સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી સ્થાનિક વેપારીઓ અને નાગરીકો દ્વારા તેમનુ ફૂલહાર પહેરાવી સ્વાગત કરવામાં આવ્યુ હતુ. જ્યારે મહેન્દ્રકાકા પોતાની સોડાની સાથે સાથે સરળ સ્વભાવને પગલે પણ ખુબ પ્રભાવીત થયા છે.

દેવદિવાળીના દિવસે વાવોલની શાલ્વિક શુકન સોસાયટીમાં તુલસી વિવાહ યોજાયા હતા. જેમાં સોસાયટીના રહીશોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સેકટર-૬ અપના બજાર પાસેથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના સેકટર-૬ અપના બજાર વિસ્તારમાંથી સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરતા ઉમેદવારનું બાઈક ચોરાયું છે. છોટા ઉદેપુરના ૨૫ વર્ષીય જયદીપ કસ્તુરભાઈ રાઠવા ગાંધીનગર ખાતે વસવાટ કરી સરકારી નોકરી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરે છે. ગત તા. ૬ નવેમ્બરના રોજ તે સવારે સાડા દશ વાગે સે-૬ અપના બજાર પાસે આવેલા કલાસીસમાં ગયો હતો. બપોરે સાડા બાર વાગે તે પરત ફર્યો હતો ત્યારે તેનું જીજે-૩૪-ઈ-૩૫૭૨ નંબરનું યામાહા એફ.ઝેડ. બાઈક ગાયબ હતું. તેણે આસપાસ તપાસ કરતા બાઈક મળી આવ્યું ન હતું. થોડા દિવસ શોધખોળ અને રાહ જોયા પછી આખરે તેણે બાઈક ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે રૂ. ૫૦,૦૦૦ કિંમતના બાઈક ચોરી અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

લેકાવાડા ઓમકાર ઈન્ટરનેશનલ સ્કુલમાં વાલી મિટીંગ યોજાઈ

લેકાવાડા ઓમકાર ઈન્ટરનેશનલ સ્કુલ દ્વારા મંગળવારે વાલી મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ સત્રમાં શાળા પરિવાર દ્વારા યોજવામાં આવેલ વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા રહેલ વિદ્યાર્થીઓને શિલ્ડ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આ દિવસે પ્રથમ સત્રનું પરિણામ પણ બાળકોને આપવામાં આવ્યું હતું. બાળકોની સર્જનાત્મક શકિતના દર્શન કરાવવા માટે શાળા પરિવાર દ્વારા બાળકો વડે તૈયાર કરેલ વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુઓનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. વાલી મિટીંગમાં મુખ્ય મહેમાન તરીકે શાળાના મેનેજીંગ ટ્રસ્ટી નિલેશભાઈ અને કિનાબેન ઉપસ્થિત રહ્યા હતા.

જનનાયક બિરસા મુંડાની ૧૪૪મી જન્મજયંતિ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૨

ભારતીય મૂળ નિવાસી સાંસ્કૃતિ મંચ દ્વારા જનનનાયક બિરસા મુંડાની ૧૪૪મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવશે. આ કાર્યક્રમ તા. ૧૫ નવેમ્બરના રોજ સાંજે ૫ થી ૯ દરમિયાન સે-૧૨ સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં આદિવાસી સંસ્કૃતિની ઝાંખી કરતા લોકનૃત્યના આયોજન સાથે યુવાપેઢીમાં જાગૃતિ આવે, તેમનામાં રહેલ સુપુપ્ત શકિતઓ ખીલે તેવા હેતુથી જનનાયક બિરસા મુંડાના જન આંદોલન ઉપર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૫ થી ૧૦ વર્ષ, ૧૧ થી ૧૫ વર્ષ, ૧૬ થી ૨૦ વર્ષ, ૨૧ થી ૩૦ વર્ષ એમ કુલ ચાર વિભાગમાં વકતૃત્વ સ્પર્ધા યોજાશે. ઉત્કૃષ્ઠ કૃતિ રજુ કરનારને પ્રથમ ત્રણ ક્રમ આપી બિરસા મુંડાની ટ્રોફી એનાયત કરવામાં આવશે. જેમાં નિર્ણાયક તરીકે ન્યુ દિલ્હીના રાષ્ટ્રીય અધ્યક્ષ આર.આર. પટેલ અને રીટાયર્ડ આઈ.પી.એસ. વી.એમ. પારગી ઉપસ્થિત રહેશે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક બાળકોને કાર્યક્રમના કન્વીનર ડી.જી. અરસોડા દ્વારા સમયસર ફોર્મ જમા કરવા જણાવાયુ છે.

ગીત, ગઝલ, ગમ્મત, ગોષ્ઠી સાથેનું ગાંધીનગર સાહિત્યસભાનું સંમેલન

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર સાહિત્યસભાનું સ્નેહમિલન રવિવારે સાંજે યુથ હોસ્ટેલ ખાતે યોજાયું હતું. આ સ્નેહમિલનમાં સૌ સર્જકો એમની ગદ્ય-પદ્ય રચના હાથે હાજર રહ્યા હતા. આ મહેફિલનું સંચાલન પ્રવકતા મૂળજીભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

નવેમ્બર માસમાં આવતા જન્મદિવસમાં ડૉ. પ્રવિણ વાટલીયા અને મનોજ સરૈયાનું પુસ્તક અને પુષ્પથી સન્માન કરી સૌએ જન્મદિવસની શુભકામના પાઠવી હતી. આજની આ બેઠકમાં ગીત,ગઝલ, ગમ્મત, ગોષ્ઠી અને વાર્તાથી રસપ્રદ બની રહી હતી.

આજની આ મહેફિલમાં અધ્યક્ષ નટવર હેડાઉ, ઉપાધ્યક્ષ સંજય થોરાત, મંત્રી કલ્પેશ પટેલ સાથે પ્રવિણ ગઢવી, પ્રદિપ આઝાદ, સલિલ, ઈશ્વર જોષી, ભીખુ કવિ, રમણ શ્રીમાળી, ઉર્વશી મહેરિયા, અજય રાવલ, જીતેન્દ્ર વ્યાસ, નિરંજન શાહ, અનિલ બર્વે, સુમંત શાહ, રણછોડ પરમાર, ગીરા ભટ્ટ, કે.કે. પટેલ, ડૉ. મુકેશ જોષી, નિપૂણ ચોકસી જેવા સાહિત્યકારોએ પોતાની સ્વરચિત રચનાથી મહેફિલ સજાવી હતી.

ડૉ. મુકેશ જોષીએ સૌને 'ઉત્સવ' દીપોત્સવી અંક ભેટમાં આપ્યો જયારે ડૉ. પ્રવિણ વાટલીયાએ મોં મીઠું કરાવ્યું હતું. કાર્યક્રમની આભાર વિધિ સંજય થોરાત દ્વારા કરવામાં આવી હતી.

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી દ્વારા 'હેલ્થ અવેરનેસ રેલી' યોજાઈ

ગાંધીનગર, તા.૧૨

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી ની ફિઝિયોથેરાપી, આયુર્વેદિક, હોમીયોપેથીક અને નર્સિંગ શાખાના વિદ્યાર્થીઓ, ડોકટર્સ અને અધ્યાપકોના સહયોગથી કલોલ તથા ગાંધીનગર વિસ્તાર ના ગ્રામીણ ક્ષેત્ર માં આજરોજ 'હેલ્થ અવેરનેસ રેલી' નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રેલી માં ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ રેલી યોજવા પાછળનો મુખ્ય હેતુ, ગામડામાં વસતા નાગરિકોને સ્વાસ્થ્ય સંબંધિત ઉપસ્થિત થતી તકલીફોના મુખ્ય કારણો અને તેનું યોગ્ય તબીબી રીતે થતા નિદાન વિષે યોગ્ય શિક્ષિત જાણકારી આપવાનો હતો.

આજના યુવાનોમાં પણ વિવિધ બીમારીઓ મોટા ભાગે જોવા મળે છે અને તેના પાછળ નું મુખ્ય કારણ, ફિઝિકલ એકટીવીટી નો અભાવ, વ્યક્તિગત કુટેવો જેમ કે તમ્બાકુ તથા માદક દ્રવવ્યોનું સેવન, કોમ્પ્યુટર આધારિત રહેતું કામ, બેઠાડુ જીવન અને સોશિયલ મીડિયા પર વધતો ક્રેઝ તથા બિનઆરોયગપ્રદ ખોરાક એ કારણો જવાબદાર છે.

આ રેલી દ્વારા વિદ્યાર્થીઓ, ફેકલ્ટી મેમ્બર્સ, મેડિકલ ઓફિસર્સ એ શેરથા, મોટી આદરજ, ભોયણ રાઠોડ અને ટિંટોડા ગામના સરપંચશ્રી તેમજ ગામના આગેવાન વ્યક્તિઓની સહાયથી ૫૦૦૦ થી વધુ વ્યક્તિઓને પોસ્ટર પ્રેસેંટેશન તથા મૌખિક વાત દ્વારા સ્વાસ્થ્ય સંબંધિત માહિતી પુરી પાડી સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી દ્વારા સામાજિક જાગૃતિ ફેલાવી એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડયું છે.

મુવી હાઉસ

પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

હાઉસફુલ-૪
૧.૧૦, ૭.૦૦
બાલા
૮.૫૦, ૧૦.૪૦, ૧૧.૪૦, ૧.૩૦, ૨.૩૦, ૪.૨૦, ૫.૨૦, ૮.૧૦, ૧૦.૦૦, ૧૧.૦૦
સાંઢ કી આંખ - ૪.૩૦
સેટલાઈટ શંકર
૧.૪૦, ૭.૪૦
બાયપાસ રોડ
૧૦.૪૫, ૧૦.૩૦
હેલ્લારો (ગુજરાતી)
૧૦.૩૦, ૪.૨૦, ૭.૧૦, ૧૦.૧૦

આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬

બાલા
૯.૦૦, ૧૦.૧૦, ૧૧.૪૦, ૧.૦૦, ૨.૨૫, ૩.૫૦, ૫.૧૦, ૬.૪૦, ૭.૫૫, ૯.૩૦, ૧૦.૪૦
સેટલાઈટ શંકર
૩.૧૫, ૧૦.૪૫
બાયપાસ રોડ
૧૨.૨૦, ૬.૦૫
વોર - ૧૧.૫૫
હાઉસફૂલ-૪
૯.૨૦, ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૯.૦૦, ૧૦.૧૫
હેલ્લારો (ગુજરાતી)
૯.૩૦, ૩.૦૦, ૫.૩૫, ૮.૧૦

આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

બાલા
૯.૦૦, ૧૧.૩૫, ૨.૨૫, ૪.૩૦, ૫.૧૫, ૮.૦૫, ૧૦.૧૫, ૧૦.૫૫
સેટલાઈટ શંકર
૧૨.૪૫, ૫.૦૦
બાયપાસ રોડ
૯.૫૦, ૧.૪૦, ૭.૨૦
મેડ ઈન ચાઈના - ૧૧.૦૦
સાંઢ કી આંખ - ૩.૩૫
હાઉસફૂલ-૪
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૯.૩૦, ૧૦.૩૦
હેલ્લારો (ગુજરાતી)
૯.૧૫, ૧૧.૫૦, ૨.૨૫, ૭.૫૦, ૧૦.૩૦

ચિરવિદાય

● સ્વ.ઠાકોર લીલાબેન ખોડાજી, ઉ.વ. ૧૦૫
● સ્વ. ઠાકોર રણજીતજી કુકાજી, ઉ.વ. ૩૨

પ્રજાપતિ મહાસંઘ દ્વારા ગાંધીનગરમાં જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૧૨

અખિલ ભારતીય પ્રજાપતિ મહાસંઘ દ્વારા દર વર્ષે યોજાતું જીવનસાથી પસંદગી સંમેલન ૧૨મી જાન્યુઆરી ૨૦૨૦ના રવિવારના રોજ ગાંધીનગરમાં યોજાશે. જેમાં સમગ્ર ગુજરાતના સર્વે ગોળ/શાખાના પ્રજાપતિ યુવક યુવતીઓ નિયત ફોર્મ ભરીને ભાગ લઈ શકશે. ફોર્મ મેળવવા તથા અન્ય માહિતી માટે પસંદગી સંમેલનના કન્વીનર પોપટલાલ એસ. પ્રજાપતિ મો. ૯૮૨૫૪ ૫૩૪૮૫ નો સંપર્ક કરવા જણાવાયું છે.

મનપાના વોર્ડ નં. ૮માં ડ્રેનેજ કામગીરીમાં અસહ્ય વિલંબથી રોષ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં.૮માં ડ્રેનેજ ચેમ્બરો ઉંચી અને સમથળ કરવી, બેસી ગયેલ ચેમ્બરો રીપેર કરવી, રોગચાળો ફાટી ન નીકળે તે પહેલાં ચેમ્બરોમાંથી કાદવ કીચડ સાફ કરવો વગેરે પ્રશ્નો માટે સેકટર-૩ ઈન્ક્વાયરી, કાર્યપાલક ઈજનેરશ્રી, ડીવીઝન-૩ વગરે જગ્યાએ વારંવાર રજુઆતો કરેલ છે પરંતુ નકારાત્મક જવાબો મળે છે તો સત્વરે આ અંગેની કાર્યવાહી કરવા માટે ગાંધીનગર મહાનગરપાલિકાના કાઉન્સિલર પ્રવિણાબેન જે. વોરાએ ઉગ્ર રજુઆત સરકારમાં કરેલ છે.